# ગાંધીનગરના ડૉ. કેદાર ઉપાધ્યાયના સંગીત નિર્દેશનમાં ગુજરાતી ફિલ્મ 'પ્રેમજી' ૧૦મીએ રીલીઝ થશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સાંસ્કૃતિક જગતમાં વધુ એક



ગૌરવરૂપ પ્રકરણ ઉમેરાઈ રહ્યું છે. ગાંધીનગરના જાણીતા તબીબ, સ્વરનિયોજક તથા ગાંધીનગર સમાચારના કોલમીસ્ટ ડૉ. કેદાર ઉપાધ્યાયે આગામી ૧૦મી જુલાઈએ રીલીઝ થનાર નવી ગુજરાતી ફિલ્મ 'પ્રેમજી'માં અદભૂત સંગીત આપ્યું છે. ગાંધીનગર શહેર માટે ગૌરવરૂપ એવા ડૉ. કેદાર ઉપાધ્યાય આગામી દિવસોમાં ગુજરાતી સંગીત ક્ષેત્રે ખુબ નામના મેળવે તેવી શુભકામનાઓ તેમના શુભેચ્છકોએ વ્યકત કરી છે.

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અર્બનાઈઝેશનના પ્રવેશ બાદ ઘણી ગુજરાતી ફિલ્મો આવી રહી છે. ગુજરાતી ફિલ્મ મેકિંગના ખરા અર્થમાં બનેલી એક ફ્રેશ ગુજરાતી ફિલ્મ 'પ્રેમજી રાઈઝ ઓફ વોરીયર' નામની આ ફિલ્મ ખાસ પ્રકારના નવા જ રંગરૂપમાં છે. ત્રણ પ્રકારના સ્પેશિયલ કેરેકટરિસ્ટિક સાથે આવી રહેલી આ ફિલ્મમાં ફ્રેશસ્ટોરી, ગ્રેટ ગુજરાતી લોકેશન



અને નવી પેઢીને અનુરૂપ મેલોડિયસ મ્યુઝિક આપવામાં આવ્યું છે. ગુજરાતી ફિલ્મ મેકિંગના ઈતિહાસમાં કયારેય પણ દર્શકોએ ન જોઈ હોઈ અને કયારેય ન બની હોઈ તેવી અનોખા પ્રકારની આ ફિલ્મ ૧૦ જુલાઈના રોજ રીલિઝ થશે.

ફિલ્મની આ ફ્રેશ સ્ટોરીમાં ગુજરાતી ફિલ્મ ઈતિહાસમાં રામલીલા, ગુલાલ, રકતચરિત્ર વગેરે જેવી હિટ અને પોપ્યુલર બોલીવુડ ફીલ્મો કરી ચુકેલા અભિમન્યુ સિંધ ડેબ્યુ કરી રહ્યા છે. અબિમન્યુસિંઘની છટાદાર એકિટગ ગુજરાતી

● અનુસંધાન પાન-૨ પર



(તસવીર : દિપક જાની)

પ્રચારના શ્રીગણેશ - ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંકની ૧૨મીએ યોજાનાર બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીમાં પરિવર્તન પેનલે ચૂંટણી કાર્યાલયનું ઉદઘાટન કરી પ્રચારના શ્રીગણેશ કર્યા હતા. આગામી બે-ત્રણ દિવસમાં શહેરના જાહેરજીવનમાં બેંકની ચૂંટણીથી ભારે ઉત્તેજનાભર્યો માહોલ નિર્માણ થશે.

# સરકારી મકાનો માટે વિભાગના ચોપડે ૧૧૦૦ની પ્રતિક્ષા યાદી

## પ્રતિક્ષાયાદીમાં જ-કક્ષાના આવાસોની માંગ વધુ

ગાંધીનગર તા ૭

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડવાનું કામ ચાલી રહયુ છે. જયારે આ નિકાલ હેઠળના મકાનોના સ્થાને સરકારી કર્મચારીઓના રહેઠાંણ માટે ટાવર કોલોનીનુ નિર્માણ કરવામાં આવનાર છે. બીજીતરફ સરકારી આવાસોની સંખ્યા ઘટતા હાલ વિભાગના ચોપડે પ્રતિક્ષા યાદી પણ મોટી થઈ છે. હાલની સ્થિતિએ સરકારી આવાસ મેળવવા માટે ૧૧૦૦ની પ્રતિક્ષાયાદી છે.

શહેરમાં દાયકાઓ પૂર્વેના સરકારી આવાસો સમય જતા ખંડેર બન્યા છે. જયારે ભયજનક મકાનો નિકાલ હેઠળના જાહેર કરાયા બાદ તંત્ર દ્વારા તબક્કાવાર આ મકાનો તોડવાનું કામ હાથ ધરવામાં આવ્યુ છે.હાલ સેકટર-૭ તેમજ સે-૧૩ માં નિકાલ હેઠળના મકાનો તોડવાનું કામ ચાલી રહયુ છે. શહેરમાં અંદાજિત ૧૮૪૦ જેટલા નિકાલ હેઠળના આવાસો પૈકી ૪૦ ટકા મકાનો તોડી પાડવામાં આવ્યા હોવાનું પણઁ મનાઈ રહયું છે. શહેરમાં સ્થિત સરકારી મકાનોનું અકબાજુ રીનોવેશન કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે.

જયારે સરકારી મકાનોની ફાળવણીના મામલે વિભાગકક્ષાએ અરજદારોની યાદી પણ મોટી થતી જાય છે. નિકાલ હેઠળમના મકાનો તોડવા ઉપરાંત રીનોવેશનની કામગીરીને અનુલક્ષી રહેણાંક મકાનોની ઉપલબ્ધિ ઘટી છે. આવા સંજોગોમાં આવાસની માંગણી સંતોષવાનું પણ ઢીલમાં હોવાનુ ધ્યાને આવ્યુ છે. શહેરમાં વિવિધ કક્ષાના સરકારી મકાનો માટે પાટનગર યોજના વિભાગ વર્તુળની કચેરીમાં હાલની સ્થિતિએ ૧૧૦૦ જેટલા અરજદારોની પ્રતિક્ષાયાદી છે.અલબત્ત મકાન મેળવવા માટે મોટુ વેઈટીંગ લીસ્ટ છે. આ પ્રતિક્ષા યાદીમાં જ કેટેગરીના મકાનો વિશષ છે. જ કક્ષાના મકાનો માટે ૪૫૦ની પ્રતિક્ષાયાદી છે.

# શહેરમાં અન્ડરપાસનો પ્રોજકટ ૫ વર્ષથી અભ્યાસમાં અટવાયો છે

## શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કના નિર્માણનું કામ પૂર્ણ કરી દેવાયા બાદ અન્ડરપાસ માટે કોઈ ગતિવિધિઓ નથી

ગાંધીનગર તા ૭

શહેરમાં અન્ડરપાસ બનાવવાનો પ્રોજેકટ હજુ પણ અધ્ધરતાલ છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કનું નિર્માણ કરવામાં આવ્યા છે. જયારે સ્વર્ણિન પાર્કના ડ્રીમ પ્રોજેકટનુ કામ પણ પૂર્ણ કરી દેવાયુ છે. જયારે સ્વર્ણિમ પાર્કને અનુલક્ષી મુખ્ય માર્ગ પર ટ્રાફિકનુ ભારણ ઘટાડવા છેલ્લા ૫ વર્ષથી અન્ડરપાસનો પ્રોજેકટ વિચારણા હેઠળ છે. પરંતુ આ મામલે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી કોઈ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી નથી.બજેટમાં પણ અન્ડરપાસ માટે જોગવાઈ કરવામાં આવી છે.

શહેરમાં વર્ષો પૂર્વે નિર્માણ કરાયેલા ભુર્ગભ રસ્તાઓ બંધ કરી દેવાતા ટ્રાફિકને લગતી સમસ્યાઓ વધી ગઈ છે. જયારે માર્ગ સલામતી પણ જોખમાઈ છે. નગરના ભુર્ગભ રસ્તાઓને ખુલ્લા કરવા પણ અગાઉ ઘણીવાર રજુઆતો કરવામાં આવી હતી. પરંતુ આ અંગે રસ દાખવવામાં ન આવતા ભૂગર્ભ રસ્તાઓ હાલમાં પણ અદ્રશ્ય છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કના ડ્રીમ

● અનુસંધાન પાન-૨ પર

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૦૫૭૧

# પત્નિને ભરણપોષણ ન ચુકવનાર પતિને ૨૦ માસની કેદની સજા

## ભરણપોષણની રકમ મેળવવા કોર્ટમાં અરજી કરી હતી

ગાંધીનગર તા ૭

પત્નિને દોઢ વર્ષથી ભરણપોષણ નહી ચુકવનાર પતિને ગાંધીનગર ફેમિલી કોર્ટે ૨૦ માસની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. ભરણપોષણ મેળવવા માટે પત્નિએ કોર્ટ સમક્ષ વિવિધ ચાર અરજીઓ કરી હતી. જયારે કોર્ટે પ્રત્યેક કેસને ધ્યાને લઈ આ આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર સે-૧૭ ખાતે રહેતા સ્મિતાબેન પરમારને તેમના પતિ દ્વારા તેમના તેમજ સગીર પુત્ર માટે ભરણપોષણ ન ચુકવાતા તેમણે વકીલ મારફતે ગાંધીનગરની ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી. જયારે એક વર્ષથી વધુ સમય સુધી પત્નિને ભરણપોષણ ન ચુકવનાર મહેન્દ્ર આલજીભાઈ પરમારને મહેસાણા પોલીસે પકડ વોરંટના આધારે પકડી કોર્ટમાં રજુ કર્યા હતા.આ કેસ સંદર્ભે ગાંધીનગરની ફેમિલી કોર્ટમાં કેસ ચાલી જતા અરજદાર તરફેના વકીલ તરીકે વિપુલ એસ વાઘેલાએ કોર્ટ સમક્ષ દલીલો કરી હતી. ભરણપોષણ માટે કોર્ટમાં રજુ થયેલી વિવિધ ચાર અરજીઓને ધ્યાને લઈ ફેમિલી કોર્ટના જજ ડી ટી સોનીએ આરોપીને ચારેય કેસને અનુલક્ષી ૨૦ માસની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃધ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે
Nirdosh
શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને રોલ ઓન
હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી
પાન મુખવાસ
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

જાહેર આભાર





શ્રી રાહુલ ગાંધી
ઉપાધ્યક્ષ, અખિલ ભારતીય કોંગ્રેસ



શ્રી ભરતસિંહજી સોલંકી
પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ

કુમાર વનરાજસિંહ ઈન્દ્રવિજયસિંહજી રાઠોડ
પ્રદેશ મંત્રી
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ,
ગુજરાત રાજ્ય

આપ સૌના આશિર્વાદ અને લાગણીને માન આપી પ્રદેશ કોંગ્રેસના આદરણીય પ્રમુખશ્રી ભરતસિંહજી સોલંકી સાહેબે તેમજ સમગ્ર પ્રદેશ અને કેન્દ્રીય નેતાગીરીએ કામની નોંધ લઈ મારી નિમણુંક પ્રદેશ મંત્રી તરીકે કરી છે, સાબરકાંઠા લોકસભા મત વિસ્તારના યુવક કોંગ્રેસના પ્રમુખ તરીકેના મારા કાર્યકાળ દરમિયાન તમામ તાલુકાના યુવક કાર્યકરો, વડીલો, મહિલાઓ, ધારાસભ્યશ્રીઓ, જિલ્લા-તાલુકા પંચાયતના સદસ્યો, સહિત સૌ કોઈએ મારા સંગઠન કાર્યમાં સતત સહાય-સહકાર પુરો પાડયો હતો.

આ ક્ષણે હું પરમ આદરણીય સોનિયાજી, અમારા સૌ યુવાનોના યુવા આઈકોન માનનીય રાહુલજીએ મારામાં સંપૂર્ણ વિશ્વાસ મૂકી મને આ પદ સુધી પહોંચાડનાર મા. ગુરૂદાસ કામતજી, માનનીય પ્રદેશ પ્રમુખ શ્રી ભરતસિંહજી સોલંકી, યુવા કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ માનસિંગ ડોડીયા તેમજ પ્રદેશ પ્રભારી વિદિત ચૌધરી, પ્રદેશ કોંગ્રેસના તમામ હોદ્દેદારો, અગ્રણીઓ સહિત સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના તમામ કોંગ્રેસના કાર્યકરો, મિત્રો અને શુભેચ્છકોનો હું ઋણ સ્વીકાર કરી જાહેર આભાર વ્યક્ત કરું છું.

આભાર આપનો...
કુમાર વનરાજસિંહ ઈન્દ્રવિજયસિંહજી રાઠોડ
(ટાકાટુંકા, તા. ભિલોડા)
સંકલન : સમીર બલોચ, જીતેન્દ્રભાઈ પટેલ, મોડાસા

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
KAMDHENU STEEL
STEEL TIGER
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com